

# ગરમીમાં હેર એકસેસરીઝથી વાળ સ્ટાઈલ કરો

ગરમીની મોસમમાં તમે જાત જાતની હેરસ્ટાઇલ કરો છો જે તમને ગરમીથી બચાવી શકે અને તમને ફેશનેબલ પણ દર્શાવે. આજકાલ તો હેર એકસેસરીઝમાં પણ કેટકેટલું વૈવિધ્ય જોવા મળે છે. તમે તમારા સમર લુક માટે એકસેસરીઝ પસંદ કરો ત્યારે એમાં હેર એકસેસરીઝને પણ સ્થાન આપો. તમારા લુકને બહેતર અને અન્યોથી અલગ બનાવવામાં મદદરૂપ કેટલીક હેર એકસેસરીઝ વિશે જોઇએ.



## હેડ બેન્ડ

હેડબેન્ડ એક એવી હેર એકસેસરી છે કે તમારી સમર હેરસ્ટાઈલને નિખારે છે. રંગબેરંગી કલર્સ અને ફૂલોની પેટર્નના પહોળા, કાપડના હેડ બેન્ડ કુલ લુક આપે છે.

## નોટેડ હેડબેન્ડ

આ સ્ટાઈલિશ હેર બેન્ડ સાથે ગર્લ-નેક્સ્ટ ડોર લુક મેળવો. એ 50ના દાયકાના રેટ્રો વાઈબ આપે છે.અલગ કલર્સ અને પ્રિન્ટના આ હેડબેન્ડ કલાસિક લુક આપશે.

## હેર ક્લિપ્સ

હેર ક્લિપ્સ એક કલાસિક હેર એકસેસરી છે જે બધી સાઈઝ અને ડિઝાઈનમાં મળે છે. એમાં બેરેટ્સ, નોર્મલ બોબી પિન, ક્લો ક્લિપ જેવા અનેક વિકલ્પો તમને મળી રહેશે છીપ, પર્લ, સ્ટારફિશ જેવી હેર ક્લિપ્સ સમર હેર સ્ટાઈલને નિખારશે.

## જયોમેટ્રિક પિન

જયોમેટ્રિક આકારની ક્લિપ સમર લુક માટે એક સારો વિકલ્પ છે. એનાથી વાળને ફ્રેશ લુક મળશે. જો તમે કોલેજીયન હો તો આ પિનનો જરૂર ઉપયોગ કરો.



## ફ્લાવર ક્રાઉન

ગરમીમાં તાજાં કે આર્ટિફિશ્યલ ફૂલોના ક્રાઉનથી બહેતર શું હોઇ શકે?! એ તમને પ્રકૃતિની નજીક લઈ જશે. જો તાજાં ફૂલો હોય તો એ ખીલેલાં અને ખુશબૂદાર હોય એ ધ્યાન રાખો.

## બોહો હેડ ચેન

જો ઓછા બજેટમાં એક રોયલ લુક મેળવવા ઈચ્છતાં હો તો બોહેમિયન સ્ટાઈલ પસંદ કરી શકો. વાળને લાઈટલી બાંધવા માટે બોહો હેડ ચેનનો ઉપયોગ કરી શકાય.

આ એકસેસરી બેડ્સ, અપડોઝ, ફ્લોઈંગ લોકસ કે પોનિટેલમાં રોયલ ટચ આપે છે. તમે સિંગલ ચેન કે મલ્ટી લેયર ચેનનો ઉપયોગ કરી શકો. એ આકર્ષક લુક આપે છે.



## હેર સ્કાર્ફ

સ્કાર્ફને સમર હેર એકસેસરીઝમાં સામેલ કરવા એક ફાયદાકારક સોદો બની શકે છે. એનાથી તમે તરત હેરસ્ટાઈલનો લુક બદલી શકો છો. પોની ટેલની આસપાસ, હેડબેન્ડ તરીકે કે એક સ્ટાઈલિશ પાઘડી લુક બનાવવા માટે સ્કાર્ફનો ઉપયોગ કરી શકાય છે. સ્કાર્ફ વાળનું ગરમીમાં રક્ષણ પણ કરે છે.

## ક્રોશિયા હેડ સ્કાર્ફ

તમે કુલ યુવતી દેખાવા ઈચ્છો છો? તો તમારે માટે સૌથી આકર્ષક અને નવું સ્ટાઈલ સ્ટેટમેન્ટ બનાવનાર હેર એકસેસરીઝમાંથી એક છે ક્રોશિયા હેર સ્કાર્ફ. એ તમારી અનોખી ક્રિયેટિવિટી દર્શાવશે.



## સ્ક્રંચીઝથી મળશે રેટ્રો વાઈબ

રેટ્રો સ્ક્રંચીઝ ફરી ટ્રેન્ડમાં છે. ઓવરસાઈઝ્ડ સ્ક્રંચીઝ કુલ લુક આપશે. વાળને ચહેરાથી દૂર રાખવા માટે સારો વિકલ્પ છે. એની મદદથી તમે પોનિટેલ કે મેસી બન બનાવી શકો.



## બટરફ્લાય ક્લિપ



આ એક કેઝ્યુઅલ હેર એકસેસરી છે. નાની બટરફ્લાય ક્લિપ-ખાસ કરીને ટ્રાન્સપરન્ટ કે પેસ્ટલ રંગમાં તમારી હેર સ્ટાઈલમાં એક અલગ સમર લુક ક્રીએટ કરવામાં મદદ કરશે.

## જાળીદાર બેરેટ



કલાસિક લુક માટે જાળીદાર બેરેટ ફ્રેમસ છે. એ નેટના કાપડમાંથી તૈયાર કરવામાં આવે છે. જે યુવતીઓ પોતાની સ્ટાઈલ સાથે એકસપરિમેન્ટ કરવા ઈચ્છતી હોય તેમને માટે બેસ્ટ વિકલ્પ છે. એ બોલ્ડ લુક આપે છે.

## કેપ/ હેટ



ઓવરસાઈઝ્ડ સ્ટ્રો હેટ એ માત્ર બીચ એકસેસરી જ નથી પરંતુ એ ગરમીમાં વાળનું રક્ષણ કરવાની એક સ્ટાઈલિશ રીત પણ છે. બીચ પર એને તમારા સમર ડ્રેસ સાથે પેર કરી આકર્ષણનું કેન્દ્ર બનો. કેપમાં પણ તમને અનેક વેરાયટીઝ મળશે.